# ગણેશ ઉત્સવ અને અન્ય ધાર્મિક તહેવારો માટે કોડીફાઈડ ફાયર સેફટી આવશ્યકતાઓ

1. ટેમ્પરરી સ્ટ્રક્ચર એટલે કે સ્ટેજ / પંડાલ કોઈપણ મકાન,સ્કુલ વિગેરે થી ઓછામાં ઓછું 10 feet દૂર રહેશે.
2. એપ્રોચ રોડ, ઈન્ટરનલ રોડ , પ્રવેશ દરવાજો, ખુલ્લી જગ્યા કોઈપણ અવરોધથી મુક્ત રાખવાની રહેશે .
3. ભઠ્ઠી, રેલ્વે લાઇન, ઈલેક્ટ્રિકલ સબ-સ્ટેશન, ચીમની અથવા હાઈ ટેન્શન વાયર થી ટેમ્પરરી સ્ટ્રક્ચર નું અંતર ઓછામાં ઓછુ 15 મીટરનું હોવું જોઈએ.
4. ટેમ્પરરી સ્ટ્રક્ચર ફાયર એન્જિન માટે પહોંચી શકાય તેવું રહેશે. ટેમ્પરરી સ્ટ્રક્ચરનો કોઈ પણ ભાગ મોટરેબલ રસ્તાથી 15 મીટરથી વધુ દૂર હોવું જોઈએ નહીં.
5. કોઈ પણ સ્ટોલ્સને ટેમ્પરરી સ્ટ્રક્ચરના અંદર રાખવાનહીં.
6. ડી સ્પ્લે બોર્ડ્સ જેવા કે ' NO SMOKING ', ' EXIT ', ' EMERGENCY EXIT ' અને ' ESCAPE WAY ', વગેરે પરિસરમાં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવે.
7. સ્ટેજની નીચે અને નજીકમાં કંઈપણ સંગ્રહિત કરવામાં આવે નહીં.
8. જો જમીન પર કાર્પેટ બીછાવવામાં આવે તો યોગ્ય રીતે સુરક્ષિત કરવામાં આવે , અને પડદા, કાર્પેટ ફાયર રીટાર્ડન્ટ મટીરીયલ અથવા પેઈન્ટથી પેઈન્ટ કરવામાં આવે.
9. આવા બાંધકામો માટેની સામગ્રી બિન-કમ્બસ્ટેબલ અથવા ફાયર રેઝિસ્ટન્ટ મટીરીયલ માંથી બનેલ હોવી જોઈએ સરંજામ માટે વપરાયેલી સામગ્રી એવી હશે કે તે ઝેરી ધુમાડો પેદા કરે નહીં. જ્યાં પણ દહનકારી પ્રકૃતિની સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે ત્યાં ફાયર રીટાર્ડન્ટ સામગ્રી / પેઈન્ટ કરવામાં આવશે ઉપરોક્ત આવશ્યકતાઓનું પાલન સંબંધિત સેલ્ફ ડીકલેરેશન સાથે સબમિટ કરવામાં આવશે.
10.સંપૂર્ણ ઈલેક્ટ્રિક વાયરિંગ પ્રવર્તમાન વીજળી અધિનિયમ અને નિયમો અને સરકાર તરફથી તે અસરના પાલન સેલ્ફ ડીકલેરેશન રજુ કરવાના રહેશે.
12.જ્યાં પણ ડીઝલ જનરેટર વાન રાખવામાં આવે તે ઓછામાં ઓછા 05 મીટર ટેમ્પરરી સ્ટ્રક્ચર થી દુર રાખવામાં આવે.
13.ઈલેક્ટ્રિક મુખ્ય સ્વીચ બોર્ડ એ.સી. અથવા જી.આઈ. માં બનાવેલ હોય અને ટેમ્પરરી સ્ટ્રક્ચરથી ઓછામાં ઓછા બે મીટર દૂર શીટ બિડાણ અને લાલ પાયલોટ લેમ્પ ઈલેક્ટ્રિક મુખ્ય બોર્ડમાં રાખવાનો રહેશે.
14.બલ્બ્સ અને ટ્યુબ લાઇટ્સ ના પાર્ટ્સ, પૂર લાઇટ્સ ના પાર્ટ્સ , વગેરેનો કોઈ ભાગ સ્ટ્રક્ચર / મંડપમાં કોઈપણ સુશોભન અથવા અન્ય જ્વલનશીલ સામગ્રીના 15 સે.મી.ની અંદર રહેશે નહીં.
15. કોઈપણ ટેમ્પરરી સ્ટ્રક્ચર ની બહાર ૫ મીટર કરતા ઓછા અંતરે, બધી દહનકારી સામગ્રી અથવા ઝડપથી આગ પકડે તેવી સામગ્રી રાખવાની રહેશે નહિ .
16.ધૂમ્રપાન, રસોઈ, ગરમી અને ખુલ્લી જ્યોતનો ઉપયોગ (માન્ય સિવાય) અને ટેમ્પરરી સ્ટ્રક્ચરમાં અને તેની આસપાસ ફાયર ક્રેકર્સનું પ્રદર્શન સખત પ્રતિબંધિત રહેશે.
17.સ્ટેજ એરિયા નજીક કોઈ ખુલ્લી આગ લગાવામાં આવશે નહીં. જો કે ' હવન ', વગેરે જેવા ધાર્મિક હેતુ માટે સૂચિત નાના હવનકુંડ નો ઉપયોગ કરવાનો રહેશે આવી જગ્યાઓથી ઉપરની છત સી.આઈ./જી.આઈ શીટ્ ની રહેશે અને 6 મી કરતા ઓછી ન હોય તે ખાતરી કરી લેવી.
18.ગણેશ મૂર્તિની સામે તેલના દીવાની નીચે રેતી રાખવી અને ૨૪ કલાક એક સ્વયંસેવક આસપાસ હાજર રહે તે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે..
19.આયોજકે સંસ્થાના સભ્યોમાંથી ફાયર ટ્રેઈન માણસો રાખવાના રહેશે છે જે ફાયર-બ્રિગેડને બોલાવવા, સ્થળાંતર પ્રક્રિયા અને અગ્નિશામક કાર્યવાહીથી પરિચિત હોય, નાગરિકો સરળતાથી તેઓને ઓળખી શકે તે હેતુ થી ફ્લોરોસન્ટ જેકેટ / આર્મ બેન્ડ, કેપ અને બેજ જેવા નિયુક્ત ગણવેશ પહેરવાનો રહેશે. કટોકટીના કિસ્સામાં ભક્તો / મુલાકાતીઓ / અતિથિને ચેતવણી આપવા માટે તેની પાસે વ્હિસલ પણ હોવી જોઈએ. આયોજકે ખાતરી કરવી આવશ્યક છે કે તહેવારના સમયગાળા દરમિયાન ફાયર ટ્રેઈન માણસ બધા સમય માટે હાજર છે. તેનું નામ , સંપર્ક વિગતો ફાયર વિભાગમાં સબમિટ કરવી આવશ્યક છે.
૨૦.આયોજક પરિસરમાં પબ્લિક એડ્રેસ સિસ્ટમ પ્રદાન કરશે અને જવાબદાર વ્યક્તિ વહેલી તકે અને સલામત સ્થળાંતર માટે ભીડને માર્ગદર્શન આપવા માટે કટોકટી દરમિયાન આ સામાનનો ઉપયોગ કરશે.

21.ફાયર ફાઈટીંગ વ્યવસ્થા :-

**એ) સૂચિત સ્ટેજ માટે:**

**1.) 20 ચોરસ મીટર સુધીના સ્ટેજ ક્ષેત્ર માટે**

૪.૫ કી.ગ્રા ક્ષમતા ધરાવતું ૦૧ નંગ કાર્બન ડાયોક્સાઈડ ટાઈપ ફાયર એક્ષ્ટિંગ્યુંશર. એક નંગ ડ્રાય કેમિકલ પાવડર ફાયર એક્ષ્ટિંગ્યુંશર (એબીસી પ્રકાર) 06/09 કિલોના ફાયર એક્ષ્ટિંગ્યુંશર. અને બીઆઈએસ પ્રમાણપત્ર સહીત સ્ટેજ પર રાખવાના રહેશે..

**2.) 20 ચો.મી.થી ઉપરના સ્ટેજ ક્ષેત્ર માટે. 50 ચોરસ મીટર સુધી :**

એ) ૪.૫ કી.ગ્રા ક્ષમતા ધરાવતું ૦૨ નંગ કાર્બન ડાયોક્સાઈડ ટાઈપ ફાયર એક્ષ્ટિંગ્યુંશર સ્ટેજ પર / નજીક રાખવાના રહેશે.

બી) ઈલેક્ટ્રિકલ ઈન્સ્ટોલેશનના રક્ષણ માટે, 09 કિલો. કેપેસીટી ના એબીસી ડ્રાય પાવડર ફાયર એક્ષ્ટિંગ્યુંશર તેમજ દરેક સ્વીચ ગિયર / મુખ્ય મીટર રૂમ અને સ્ટેજ ક્ષેત્ર માટે રાખવાના રહેશે.

**3.) 50 ચોરસમીટરથી ઉપરના સ્ટેજ ક્ષેત્ર માટે .:**

એ) ૪.૫ કી.ગ્રા ક્ષમતા ધરાવતું ૦૩ નંગ કાર્બન ડાયોક્સાઈડ ટાઈપ ફાયર એક્ષ્ટિંગ્યુંશર સ્ટેજ પર / નજીક પ્રદાન રાખવાના રહેશે. દરેક સ્વીચ ગિયર / મુખ્ય મીટર રૂમ અને સ્ટેજ ક્ષેત્ર તેમજ ઓરડા ના વિસ્તાર માં રાખવાના રહેશે.

**બી) સૂચિત પંડાલ માટે:**

1) ૪.૫ કી.ગ્રા ક્ષમતા ધરાવતું ૦૨ નંગ કાર્બન ડાયોક્સાઈડ ટાઈપ ફાયર એક્ષ્ટિંગ્યુંશર સ્ટેજ પર / નજીક રાખવાના રહેશે. . એબીસી ડ્રાય પાવડર ફાયર એક્ષ્ટિંગ્યુંશર નંગ ૦૧ રાખવાના રહેશે. દરેક ૧૦૦ સ્ક્વેર.મી. વિસ્તારમાં સમાનરૂપે ફાયર એક્ષ્ટિંગ્યુંશર રાખવાના રહેશે.

2) આયોજક દ્વારા ૨૦૦ લી. ની ક્ષમતા ધરાવતા ડ્રમ્સ / બેરલ્સ પાણી ભરેલા નંગ -૦૨ પાણીની ડોલ સહીત રાખવાના રહેશે

**સી) ઈલેક્ટ્રિકલ ઈન્સ્ટોલેશન માટે:**

૦૨ નંગ એબીસી ડ્રાય પાવડર પ્રકારનું અગ્નિશામક ઉપકરણ ૪.૫ કી.ગ્રા ક્ષમતા ધરાવતું ૦૨ નંગ કાર્બન ડાયોક્સાઈડ ટાઈપ ફાયર એક્ષ્ટિંગ્યુંશર દરેક સ્વીચ ગિયર / મુખ્ય મીટર રૂમ / બોક્સ માટે બીઆઈએસ પ્રમાણપત્ર સહીત રાખવાના રહેશે.

22.તહેવારનો કાર્યક્રમ પૂરો થયા પછી તરત જ ટેમ્પરરી સ્ટ્રક્ચર ને દુર કરવાનું રહેશે.

**નોંધ: -**

(i) આ સૂચનો ફક્ત ફાયર સેફ્ટી માટે આપવામાં આવે છે, આ સિવાય પોલીસ કમિશનર શ્રી, મ્યુનિસિપલ ઓથોરિટી અને અન્ય સંબંધિત અધિકારીઓ પાસેથી જે કોઈ મંજૂરીઓ પ્રાપ્ત કરવાની થતી હોય તે મેળવી લેવાની રહેશે.

(ii) પરિસ્થિતિ અને જગ્યાને ધ્યાને લઈ ઉપરોક્ત શરતો માં change/add/delete કરવાનો અધિકાર SMC ફાયર વિભાગનો રહેશે.

(iii) આયોજકો, ઓર્ગેનાઈઝર, સંચાલકો, મંડળો દ્વારા મંડપ માં યર સેફ્ટી ની પૂર્તતા ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ, એક્ટ,રૂલ, અને રેગ્યુલેશન ,NBC part-4, IS-8758, મુજબ કરવા અંગેનું સેલ્ફ ડીકલેરેશન આપવાનું રહેશે.

(iv) કોઈપણ આગ અકસ્માત ની ઘટના બને ત્યારે સુ.મ.પા. ના ફાયર વિભાગને જાણ કરવા નીચે દર્શાવ્યા નંબરો એ સંરક કરવાનો રહેશે.

**૧૦૧, ૧૦૨, ૦૨૬૧-૨૪૧૪૧૩૯,૨૪૧૪૧૯૫,૨૪૧૪૧૯૬**

(v) ગણેશ તહેવાર સંદર્ભે જાહેર કરેલ સૂચનો સુરત મહાનગર પાલિકાની વેબસાઈટ પર પણ રાખવામાં આવેલ છે.

# <u>ઘોષણાપત્ર</u>

હું ..................................................(પંડાલ ઓર્ગેનાઈઝર નું નામ) આથી જાહેર કરું છું કે બાંધવામાં આવેલ પંડાલનું માપ ..........................મીટર બાય .................... મીટર નું છે અને બાંધવામાં આવેલ પંડાલ નું સ્થળ ..........................................................................................જે તા.......................................... થી તા....................................સુધીનું રહેશે.

૧. આગ સલામતી અને ફાયર સેફ્ટી માટે હમો આયોજકો, ઓર્ગેનાઈઝર, સંચાલકો, મંડળો દ્વારા મંડપ માં ફાયર સેફ્ટી ની પૂર્તતા ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ, રૂલ, અને રેગ્યુલેશન ,NBC part-4, IS-8758, મુજબ કરી છે.

૨. સમગ્ર ઈલેક્ટ્રિક વાયરિંગ પ્રવર્તમાન ઈલેક્ટ્રિસિટી એક્ટ અને નિયમો અને સરકાર તરફથી જે તે અસર માટેના અનુપાલન નિયમો પ્રમાણે નાખવામાં આવેલ છે આયોજક દ્વારા તમામ આવશ્યકતાઓનું પાલન કરેલ છે અને ઈલેક્ટ્રિકલ વાયરિંગ અધિકૃત વ્યક્તિઓ દ્વારા ભારતીય વિદ્યુત નિયમોને અનુરૂપ કરવામાં આવ્યું છે તથા વિદ્યુત નિષ્ણાત દ્વારા તેની ચકાસણી પણ કરવામાં આવેલ છે.

ઉપરાંત, હમો જાહેર કરીએ છે કે પંડાલમાં જ્વલનશીલ પદાર્થોનો સંગ્રહ કે ઉપયોગ કરવામાં આવ્યો નથી. હું, એ પણ જાહેર કરું છું કે નીચેના પ્રશિક્ષિત અગ્નિશામક કર્મચારીઓ આ દરમિયાન ફરજ પર હાજર રહેશે.

૧...............................................................

૨...............................................................

(પંડાલ ઓર્ગેનાઈઝર ના સહી સિક્કા )

તારીખ .................................

સ્થળ....................................